BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સ્થાપિત )

## પરિપત્ર:-

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, **જે અભ્યાસક્રમો માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિની રચના** કરવામાં આવેલ હોય તે સિવાયનાં તમામ અનુસ્નાતક(PG) તથા P.G.D.C.A.નાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ ઓનલાઇન કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી તા.૦૫/૦૬/૨૦૨૩થી શરૂ કરવાની રહેશે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને ગત વર્ષે આપેલ યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. મેરીટક્રમમાં આવેલ વિદ્યાર્થી ફી ભરવા આવે ત્યારે તેનું ઓરિજિનલ ડોક્યુમેન્ટસ સાથે સંસ્થાએ વેરીફીકેશન કરવાનું રહેશે. તમામ કોલેજ/સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા તા.૧૫/૦૬/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

જે તે કોલેજ/સંસ્થામાં પ્રથમ રાઉન્ડ બાદ બેઠકો ખાલી રહેલ હોય તે સંસ્થાએ તા.૧૬/૦૬/૨૦૨૩ થી તા.૨૫/૦૬/૨૦૨૩ સુધીમાં અન્ય રાઉન્ડ બહાર પાડી વિદ્યાર્થી પ્રવેશ કન્ફર્મ કરી સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- **ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટ:- http://bknmuerp.in**

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૨૫/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૦૩/૦૬/૨૦૨૩

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....
- માન્ય સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ......

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:
(૨) પરીક્ષા વિભાગ.
(૩) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.